ગાંધીનગર સમાચાર

સે-૧૯ અને ૨૦માં છ-કક્ષાના સરકારી આવાસો ભયજનક હાલતમાં

# શહેરમાં વિવિધ પ્રકારની કેરીઓથી ઉભરાતુ બજાર

**કેસર કેરીના આગમન સાથે જ સ્વાદપ્રેમીઓ બજારોમાં કેરીઓની ખરીદી કરતા નજરે ચઢયા : હાફૂસ કેરીનો ભાવ ગગડતા ખરીદી જામી**



ગાંધીનગર, તા.૩

કાળઝાળ ઉનાળામાં રાહત મેળવવાનું એક માત્ર કારણ હોય તો તે છે ઉનાળુ ફળ કેરી. સ્વાદપ્રેમીઓ માત્ર આ એક જ કારણસર ઉનાળાની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. ઉનાળો જામ્યો છે ત્યારે બજારોમાં વિવિધ પ્રકારની કેરીઓના ઢગ ખડકાતા સ્વાદપ્રેમીઓને જલ્સા પડી ગયા છે.

ઉનાળો બરાબર જામ્યો છે. મહત્તમ તાપમાન ૪૩-૪૪ ડિગ્રીની આસપાસ ફરી રહ્યું છે. લોકો ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા છે. જો કે આ કાળઝાળ ગરમીમાં કેરીનો મીઠો-ઠંડો રસ એક માત્ર રાહત આપતું કારણ છે. સ્વાદપ્રેમીઓ જેની ખુબ આતુરતાપૂર્વક રાહ જોતા હતા તે ગીરની કેસર કેરીનું બજારમાં આગમન થઈ ગયું છે. કેસર કેરીનું મુખ્યમથક ગણાતા તલાલાના માર્કેટયાર્ડમાં કેસર કેરીની હરાજી શરૂ થઈ ચુકી છે. જેના પગલે ગાંધીનગરના બજારોમાં કેસર કેરી આવવા માંડી છે. કેસર કેરી સહિતની વિવિધ પ્રજાતિઓની કેરીઓથી બજાર ઉભરાઈ રહ્યું છે. કેરીની સીઝનની શરૂઆત રત્નાગીરી હાફુસથી થઈ હતી જો કે પ્રારંભે તેના ભાવ ખુબ ઉંચા હોવાથી મધ્યમવર્ગીય પરિવારો હાફુસ કેરીથી દુર જ રહ્યા હતા.

જો કે ઉનાળો જામતા હાફુસના ભાવો પણ ગગડયા છે. અગાઉ ૨૫૦ થી ૩૦૦ રૂ. કિલોના ભાવે મળતી રત્નાગીરી હાફુસ હવે ૧૦૦ થી ૧૫૦ રૂ.કિલોના ભાવે મળવા લાગી છે. જયારે સુંદરી કેરી ૬૦ થી ૮૦ રૂ. કિલોના ભાવે મળતા મધ્યમવર્ગીય પરિવારો તેની ખરીદી વધુ કરે છે. તોતાપુરી અને બદામ કેરી પણ ૧૦૦ રૂ કિલોના ભાવે મળવા લાગતા તેની ખરીદી પણ વધુ થઈ રહી છે. હવે બજારોમાં કેસર કેરી મળવી શરૂ થઈ જતાં સ્વાદ પ્રેમીઓમાં તે હોટ ફેવરીટ બની છે. જો કે હજુ તેનો ભાવ થોડોક ઉંચો છે. દસ કીલોના ભાવની કેસર કેરીની કાચી પેટી હજુ ૫૦૦ રૂ.ના ભાવની આસપાસ મળી રહી છે. આગામી દિવસોમાં હજુ તેના ભાવ નીચે જાય તેમ છે. ભાવ નીચે આવે પછી ખરીદી વધુ જામશે તેવું વેપારીઓ જણાવી રહ્યા છે. સોંઘાથી મોંઘા ભાવની કેરીઓ હાલમાં બજારોમાં મળવા લાગતા સ્વાદપ્રેમીઓને ખુબ જલ્સા પડી ગયા છે.

# આજે ગાંધીનગર મનપાને ૩૦ કરોડ મળશે

**ગાંધીનગર મનપા સહિત ચાર નગરપાલિકા અને ગુડાને આજે મુખ્યમંત્રી દ્વારા ચેક અપાશે : સર્વાંગી વિકાસ માટેના કામો હાથ ધરવા માટે આ ચેકો એનાયત કરાશે**

ગાંધીનગર, તા. ૩

આજે ગાંધીનગર મહાનગર પાલિકાને વિકાસ કામો માટે રૂ. ૩૦ કરોડથી પણ વધુ રકમની ગ્રાન્ટનો ચેક રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા એનાયત કરાશે. જિલ્લાની ચાર નગરપાલિકા અને ગુડાને પણ અનુદાનના ચેક અર્પણ કરાશે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી સત્તા મંડળોને વિકાસના કામો માટે રૂ. ૨૬૦૦ કરોડના ચેકો એનાયત કરવામાં આવનાર છે.

મહાત્મા મંદિર ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા રાજ્ય શહેરી વિકાસ મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં આ અંગેનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જિલ્લાની મહાનગર પાલિકા ગાંધીનગર ઉપરાંત પેથાપુર, માણસા, કલોલ અને દહેગામ નગરપાલિકાઓ તેમજ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને વિકાસ કામો માટે પ્રથમ હપ્તાની ગ્રાન્ટના ચેકો આપવામાં આવશે.

રાજયના શહેરી વિકાસ વિભાગ દ્વારા દર વર્ષે આ રીતે ગ્રાન્ટોના ચેકનું જાહેર વિતરણ કરવામાં આવે છે. મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકાને રૂ. ૩૦ કરોડ જેટલી ગ્રાન્ટ ઉપલબ્ધ થશે. જેમાંથી શહેરમાં વિકાસના કામો હાથ ધરવામાં આવશે. નગરપાલિકાઓને પણ કરોડોમાં આ ગ્રાન્ટ ઉપલબ્ધ બનશે. જેનાથી જનસુખાકારીના કામો હાથ ધરવામાં આવશે. શહેરી વિકાસ સત્તામંડળોને પણ સર્વાંગી વિકાસના કામો માટે ખાસ ગ્રાન્ટ આપવામાં આવશે. જેનાથી રાજ્યમાં વધતા જતા શહેરીકરણને લઈ આંતર માળખાકીય સુવિધાઓના કામ હાથ ધરવામાં આવશે.

# જિલ્લામાંથી ૩૨૦૦ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૩

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૧૦ મેં ના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૩૨૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લામાં ૧૪ સ્થળો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં ધોરણ ૧૦ અને ૧૨ ની પરીરક્ષા લેવામાં આવી હતી. જયારે પરીક્ષાના પરિણામ પણ મેં ના અંત સુધીમાં જાહેર થશે. જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આગામી તા ૧૦ મેં ના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે. બી-ગૃપના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા લેવાશે.

જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૩૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. જિલ્લામાં ૧૪ સ્થળો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. ગુજકેટની પરીક્ષા તા ૧૦ મેના રોજ ૧૧ થી ૨ કલાક દરમિયાન યોજાશે. પરીક્ષા ઓ એમ આર પદ્ધતિથી યોજાશે.




ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ - નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહમાં ગુજરાતને મોસ્ટ ફિલ્મી સ્ટેટ એવોર્ડ એનાયત કરાયો હતો. ૬૩માં ફિલ્મ એવોર્ડ સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના વરદ હસ્તે રાજયકક્ષાના પ્રવાસન મંત્રી જયેશ રાદડીયાએ એવોર્ડ સ્વીકાર્યો હતો...

# એસ.ટી. ડેપોમાં મોબાઈલ ચોર ઝડપાયો

**સવારે મહીલાનુ પાકીટ પણ ચોરાયુ : ડેપોમાં પાલીસ ચોકી શરૂ કરવાની વાત હજુ પણ અદ્ધરતાલ**

ગાંધીનગર તા ૩

એસ ટી ડેપોમાંથી આજે મોબાઈલ ચોર ઝડપાયો હતો. ગાંધીનગર અમદાવાદ બસમાં મુસાફરી કરતા નવસારીના મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ સેરવાની કોશિષ દરમિયાન એક શખસને ઝડપીને પાલીસના હવાલે કરવામાં આવ્યો હતો. ડેપોમાંથી આજે સવારના સમયે પણ ગ્રામ્ય વિસ્તારના સ્ટેન્ડ પરથી એક મહીલાનુ પર્સ પણ ચોરાયુ હતુ. એસ ટી ડેપોમાં સલામતીના નામે મીંડુ છે. ત્યારે મુસાફરો તસ્કરીનો ભોગ બની રહયા છે. આમછતા પોલીસ ચોકી શરૂ કરવાના મામલે કોઈ નિર્ણય લેવાતો નથી.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં અવારનવાર મુસાફરોના ખિસ્સા કપાતા હોવાની ફરિયાદ ઉઠવા પામે છે. જેના લીધે મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે.આજે પણ ડેપો સંકુલમાં સવારના સમયે ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટેન્ડ પર એક મહીલાનુ પર્સ ચોરાયુ હતુ. જયારે દિવસ દરમિયાન એસ ટી ડેપોમાં મોબાઈલની ઉઠાંતરી કરતા ગઠીયાને પણ ઝડપી લેવામાં આવ્યો હતો. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ડેપો સંકુલમાં નવસારીના રાજેન્દ્ર પટેલ અમદાવાદ જઈ રહયા હતા આ દરમિયાન ડેપોમાં મોટેરાના છાપરા વિસ્તારમાં રહેતા મનોજ નાથાભાઈએ તેમના શર્ટના ઉપરના ખિસ્સામાંથી મોબાઈલ ચોરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ડેપો સ્ટાફના ધર્મેન્દ્ર પંડયાએ આ શખસને ઝડપી લીધો હતો. મોબાઈલ ચોરતા રંગેહાથ ઝડપાયેલા શખસને

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની ૧૧મીએ બેઠક

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની મહત્વની બેઠક આગામી ૧૧મી મે ના રોજ પંચાયત ખાતે મળશે.

અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષપદે મળનારી આ સમિતિની ચેરમેનની નિયુક્તી પછીની પ્રથમ બેઠક છે. આ બેઠકમાં જિલ્લા પંચાયતના વિકાસ કામોની સમીક્ષા સહિતની બાબતો ચર્ચામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે રેતી-કાંકરીની ગ્રાન્ટના વપરાશ પર રાજ્ય સરકારે લાદેલા પ્રતિબંધ સામે આ બેઠકમાં વિરોધ પ્રદર્શિત કરતો ઠરાવ પસાર કરી નદી કાંઠા વિસ્તારના ગામોમાં વિકાસ કામો હાથ ધરવા સહિતના મહત્વના મુદાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

જિલ્લામાં રેતી-કાંકરીની ગ્રાન્ટની રકમ રૂ. ૧૫ કરોડ જેટલી છે. સત્તાવાળાઓ આ ગ્રાન્ટની રકમમાંથી વિકાસના કામોનું આયોજન સભ્યો પાસેથી મેળવી જિલ્લામાં વિકાસને નવો વેગ આપવાનો મત ધરાવે છે.

આ બેઠકમાં જિલ્લાના અન્ય મહત્વના પ્રશ્નો અંગે પણ વિચાર વિમર્શ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં જિલ્લા આયોજન મંડળમાં સૂચવવામાં આવનારા વિકાસ કામો પર વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.




ગુંદા-કેરીનું અથાણું - ગુજરાતી સમાજમાં કેરી-ગુંદાનું અથાણું આજે પણ એટલું જ પ્રિય છે... ગુજરાતીને ભોજનમાં અથાણું અને મરચાં ખૂબ જ પ્રિય છે... કાચી કેરી બજારમાં આવે એટલે વિવિધ પ્રકારના અથાણાંઓના આયોજનો થાય છે... એમાં ગુંદા-કેરીનું અથાણું સ્વાદમાં પણ શ્રેષ્ઠ અને સ્વાસ્થ્યમાં પણ શ્રેષ્ઠ... આજકાલ શહેરના શાકમાર્કેટમાં ગુંદાનો જથ્થો વ્યાપક પ્રમાણમાં ઠલવાયો છે...

# જિલ્લાનો કૃષિ મહોત્સવ ૧૮-૧૯ દરમિયાન રૂપાલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૮ અને ૧૯ મે ના રોજ રૂપાલ ખાતે કૃષિ મહોત્સવ યોજવામાં આવશે.

આગામી ૯ થી ૩૧ મે દરમ્યાન રાજયભરમાં કૃષિ મહોત્સવ ઉજવવાના સરકારના નિર્ણયને પગલે હવે જિલ્લામાં પણ ૧૮ અને ૧૯ મે ના રોજ કૃષિ મહોત્સવ યોજવામાં આવશે.

પ્રથમ દિવસે બે તાલુકા અને બીજે દિવસે બે તાલુકાના ખેડૂતો આ દ્વિદિવસીય કૃષિ મહોત્સવમાં ભાગ લેશે. આ કૃષિ મહોત્સવમાં આધુનિક કૃષિ ટેકનોલોજી તેમજ કૃષિ ઉત્પાદન વધુ કેવી રીતે મેળવી શકાય તેને લઈ કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ કૃષિ મહોત્સવ દરમ્યાન એક પ્રદર્શન પણ આધુનિક ખેતીને લઈ રજુ કરવામાં આવશે.

જિલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવણીને લઈ તંત્ર દ્વારા આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે. કૃષિ મહોત્સવમાં એક જ સ્થાન પર બે દિવસનો મહોત્સવ ઉજવાશે. જેમાં ખેડૂતો સાથેની ગોષ્ઠી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના પાંચ હજારથી વધુ ખેડૂતો આ કૃષિ મહોત્સવમાં ભાગ લેશે. ખેડૂતોના હિતમાં સરકારે કરેલા મહત્વના નિર્ણયોની જાણકારી ઉપરાંત ખેડૂતોને નવી પાક-વિમા નીતિ અંગેની પણ વાતો કરવામાં આવશે.

જિલ્લામાં કિસાન સભાઓના આયોજન બાદ હવે કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ડિસેમ્બરમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને પણ નજરમાં રાખવામાં આવી હોવાની વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

# સે-૧૯ અને ૨૦ માં છ-કક્ષાના સરકારી આવાસો ભયજનક હાલતમાં

**આવાસોમાં પાણીના નળ નથી : ગમે ત્યારે છતમાંથી પોપડા ખરે છે : ઇન્કવાયરી કચેરીએ પણ હાથ ઉંચા કરી લેતા રહીશો રામ ભરોસે**

ગાંધીનગર તા ૩

શહેરના સે-૧૯ અને ૨૦ માં છ ટાઈપના મકાનો અત્યંત ભયજનક હાલતમાં હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. વારંવાર આ મકાનોમાં છતમાંથી પોપડા ખરતા રહીશોના જીવ પડીકે બંધાય છે. જયારે ઈન્કવાયરી કચેરી દ્વારા પણ રહીશોની રજુઆત સાંભળવામાં આવતી નથી. સ્થાનિક ઈન્કવાયરીનો સ્ટાફ અને તંત્રના અધિકારીઓની ભ્રષ્ટ નિતીના લીધે આમ નાગરિકોની સલામતી જોખમાઈ છે. જયારે બે ડગલા દુર જ સ્થિત રાજભવન તેમજ અન્ય વી આઈ પી આવાસોની મરામત માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. નાના કર્મચારીઓની ફરિયાદો પણ ટલ્લે ચઢાવાય છે.

શહેરમાં સરકારી આવાસોપૈકી મોટાભાગના મકાનોની છત સલામત ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરોમાં વારંવાર છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટના પ્રકાશમાં આવતા રહીશો આવાસોમાં ગુગળામણ અનુભવી રહયા છે. વર્ષોના અંતે પણ સરકારી આવાસોમાં રહેતા રહીશોને માથે સલામત છત નસીબ થઈ નથી. જયારે નવા આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. શહેરના સે-૧૯અને ૨૦ માં સ્થિત છ કક્ષાના સરકારી આવાસો સાવ કંગાળ હાલતમાં છે. આ આવાસોમાં છાશવારે પોપડા ખરતા હોવાથી રહીશોના જીવ પડીકે બંધાયા છે. જયારે સેકટરની ઈન્કવાયરી કચેરીમાં રહીશોની ફરિયાદો પણ કોઈ સાંભળતુ નથી. કેટલાક મકાનોમાં પાણીના નળ પણ નથી. શહેરમાં મંત્રી નિવાસ તેમજ અફસરોના બંગલાના રીનોવેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે થોડા સમય અગાઉ જ માર્ગ મકાન મંત્રીએ સે-૭ માં નવી આવાસ યોજનાના ખાતમુહુર્ત વિધિ દરમિયાન નાના કર્મચારીઓને માથે સલામત છત પુરી પાડવા આ કામ હાથ ધરવામાં આવ્યુ હોવાનુ જણાંવ્યુ હતુ. ત્યારે હાલના હયાત મકાનોમાં રહેતા રહીશોના જીવ પડીકે બંધાય તેવી સ્થિતિ હોવાથી રોષ પ્રવર્તાયો છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com